નં.જીઆઈડીસી/હિસાબ/બજેટ/સ.ચા./૨૦૧૬–૧૭/૪૮૬/૧૭૩ / ૦૪
તા.૧૩/૧૬–૦૧–૨૦૧૬.
૧૮

// પરિપત્ર //

**વિષય :– નિગમની જુદી જુદી વસાહતોમાં વસુલ કરવાના થતા સર્વિસ ચાર્જ બાબતે નવી નીતિનો અમલ કરવા બાબતે.**

**સંદર્ભ :–**
**૧) ક્રમાંક : ઓએન્ડએમ / સીઆઈઆર / એકાઉન્ટસ / સર્વિસચાર્જ / તા.૧૩/૧૨/૯૯**
**૨) જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / એકાઉન્ટસ / સર્વિસચાર્જ / ૪૧ તા.૦૩/૧૦/૨૦૧૨**
**૩) નં.જીઆઈડીસી / હિસાબ / સર્વિસચાર્જ / પરિપત્ર / તા.૭/૭/૨૦૧૫.**
**૪) નં.જીઆઈડીસી/હિસાબ/બજેટ/સ.ચા.ક/૨૦૧૬–૧૭/૧૭૫૮ તા.૨૯/૦૭/૨૦૧૫.**
**૫) નં.જીઆઈડીસી / વ.મ. / સીઆઈઆર / ૩૧૪૬ તા.૦૮/૧૧/૨૦૦૬**
**૬) જીઆઈડીસી / હિસાબ / નાણાં / ૧૯ તા.૧૫/૧૦/૨૦૦૫.**

નાણાંકીય વર્ષ : ૨૦૧૬–૧૭ના વર્ષથી સર્વિસ ચાર્જનો દર નકકી કરતી વખતે જે તે વસાહત માટે નિગમ ધ્વારા જયારે ખરેખર ખર્ચ કરવામાં આવે ત્યારથી તા.૩૧/૦૩ સુધીના સમયગાળાને ધ્યાનમાં લઈ, નિગમના પ્રવર્તમાન વ્યાજ દરે વ્યાજની ગણતરી કરવાની રહેશે.

તા.૨૯/૦૭/૨૦૧૫ના પરિપત્ર નં.૧૭૫૮ થી નકકી કરેલ સર્વિસ ચાર્જ કમિટીએ તા.૩૦/૦૪ સુધીમાં સર્વિસ ચાર્જનો દર નકકી કરવાનો રહેશે તથા ક્ષેત્રિય કચેરીના સબંધિત દરેક હિસાબી અધિકારીશ્રીઓએ નિગમના તમામ ફાળવણીદારોને તે મુજબનાં હિસાબી પત્રકો (એકાઉન્ટ સ્ટેટમેન્ટ) તા.૩૧/૦૫ સુધીમાં પહોંચતા કરવાનાં રહેશે તથા તા.૦૧/૦૬ થી તા.૩૦/૦૬ સુધીનો સમયગાળો ફાળવણીદારોને તેમના બિલોનું ચુકવણું કરવા માટે ગ્રેસ પીરીયડ તરીકે આપવામાં આવશે.

આમ ઉપરોકત નકકી થયેલ સર્વિસ ચાર્જ સહીતના રેવન્યુ ચાર્જીસના ચાલુ વર્ષના "ડયુ " થયેલા લ્હેણાં તા.૩૦/૦૬ સુધીમાં ભરપાઈ કરવાના રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો તા.૦૧/૦૭ થી પ્રતિ માસ ૧% લેખે વ્યાજ વસુલ કરવાનું રહેશે.

અગાઉના વર્ષોના રેવન્યુ ચાર્જીસના બાકી લ્હેણાં પેટે ફાળવણીદાર તા.૦૧/૦૪ થી જયારે ચુકવણું કરશે ત્યાં સુધી પ્રતિ માસ ૧% લેખે વ્યાજ વસુલવાનું રહેશે.

દા.ત.નાણાંકીય વર્ષ : ૨૦૧૬–૧૭ના રેવન્યુ ચાર્જીસના દરની રકમ તા.૩૦/૦૬/૨૦૧૬ સુધીમાં ભરપાઈ કરવામાં નહીં આવે તો તા.૦૧/૦૭/૨૦૧૬ થી માસિક ૧% લેખે વ્યાજ વસુલ કરવાનું રહેશે.

નાણાંકીય વર્ષઃ ૨૦૧૫–૧૬ ના રેવન્યુ ચાર્જીસના બાકી લ્હેણાં ફાળવણીદાર ભરપાઈ ન કરે તો તેના ઉપર નાણાંકીય વર્ષ : ૨૦૧૬–૧૭ માં તા.૦૧/૦૪/૨૦૧૬થી ઉપર જણાવેલ દર એટલે કે પ્રતિ માસ ૧% મુજબ વ્યાજ વસુલ કરવાનું રહેશે.

દરેક નાણાંકીય વર્ષમાં તા.૦૧–૦૪ થી તા.૩૦–૦૪ સુધીમાં ટ્રાન્સફર, ટુ.આર.અને સબ ડિવિઝન કે લીઝડીડ કે અન્ય કેસમાં (જયાં સુધી ચાલુ નાણાંકીય વર્ષના રેવન્યુ ચાર્જીસ ફીકસ ન થાય ત્યાં સુધી ) ગત નાણાંકીય વર્ષના રેવન્યુ ચાર્જીસ વસુલ કરવા અને ચાલુ નાણાંકીય વર્ષના રેવન્યુ ચાર્જીસ ફીકસ થાય એટલે તુર્તજ તફાવતનું બિલ અદ્યતન કે હયાત ફાળવણીદારને મોકલી આપવું તથા તેના ઉપર (તફાવતની રકમ ઉપર) તા.૦૧–૦૭–૨૦૧૬ થી માસિક ૧% લેખે વ્યાજ વસુલ કરવું.

આ પરિપત્રનો અમલ નાણાંકીય વર્ષ : ૨૦૧૬–૧૭થી કરવાનો રહેશે.

સહી/–
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી,ગાંધીનગર.

**પ્રતિ,**
નિગમના તમામ પ્રાદેશિક મેનેજરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીઓ / ડિવિઝનલ એકાઉન્ટન્ટશ્રીઓ તેમજ ફેડરેશન ઓફ ઈન્ડ.એસોસીએશન તરફ...જાણ સારૂ.

રવાના કર્યું.

મેનેજર(મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર.